Wellstar HEALTH SYSTEM

## નાણાકીય સહાયતા કાર્યક્રમ (FAP-એફએપી) નીતિ સારાંશ

વેલસ્ટાર હેલ્થ સિસ્ટમ (Wellstar)નું મિશન જે વ્યક્તિઓને અમે સેવા આપીએ છીએ તેમના આરોગ્ય અને સુખાકારીમાં સુધારો થાય તે માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સેવાઓ બનાવવી અને પહોંચાડવી. વેલસ્ટારનું વિઝન વિશ્વ-સ્તરની આરોગ્ય સંભાળ પૂરી પાડવાની છે. હોસ્પિટલ અથવા હોસ્પિટલ બહારના દર્દીઓને સુવિધાઓ પૂરી પાડવામાં તબીબી જરૂરી સેવાઓ માટે ચૂકવણી મર્યાદિત સાધનો સાથે વેલસ્ટાર હોસ્પિટલ દર્દીઓ માટે નાણાકીય અવરોધો દૂર કરવા માટે, વેલસ્ટાર તેના નાણાકીય સહાયતા કાર્યક્રમ (એફએપી) નીતિ હેઠળ લાયક દર્દીઓને નાણાકીય સહાયતાના વિવિધ સ્તરો પૂરાં પાડે છે. આ નીતિ ફક્ત યોગ્યતા પ્રાપ્ત હોસ્પિટલ સેવાઓને જ આવરી લે છે અને તેમાં પહેલેથી આપવામાં આવેલી સેવાઓનો અને બનાવેલા બિલનો સમાવેશ કરી શકાય છે.

### એફએપી માટે પાત્ર કેવી રીતે થવું

**<u>પગલું 1</u>: જો કુટુંબદીઠ આવક ફેડેરલ ગરીબી સ્તર (એફપીએલ - FPL) અને એફએપી કાર્યક્રમ માર્ગદર્શિકાનીની અંદર છે કે કેમ એ નક્કી કરો.**

વેલસ્ટાર તમામ બિનવીમાકૃત વ્યક્તિઓ માટે લઘુત્તમ ચેરીટેબલ અલાઉન્સ (એમસીએ -MCA) પૂરું પાડે છે જે તબીબી જરૂરી સેવાઓ માટેના ખર્ચ અને સમવાયી રીતે વ્યાખ્યાયિત "એમાઉન્ટ જનરલી બીલ્ડ (એજીબી -AGB)" વચ્ચેના તફાવત જેટલું છે.

વધુમાં નાણાકીય સહાયતાનું વધારાનું સ્તર એફપીએલ અને એફએપી નીતિની માર્ગદર્શિકા એમ બંને દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે. એફપીએલ સમવાયી સ્તરે કુલ રકમ (ટેક્સ પહેલાં)ની લઘુત્તમ રકમ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે જે વ્યક્તિની અથવા કુટુંબની ખોરાક, કપડાં, પરિવહન, આવાસ અને અન્ય જરૂરીયાતો માટેની આવશ્યક છે. વેલસ્ટાર 125 ટકા એફપીએ વ્યક્તિઓ અથવા કુટુંબોને અથવા તેની વ્યાખ્યા દ્વારા નીચે આવતાંને ગણતરીમાં લે છે, તબીબી જરૂરીયાત હોસ્પિટલ સેવાઓ માટે મર્યાદિત ચૂકવણીના સાધનો, અને પરિણામ રૂપે, આ વ્યક્તિઓને એમસીએ ઉપર વધારાની નાણાકીય સહાયતા માટે પૂરું પાડવામાં આવે છે, જેમ કે તેઓને 100 ટકા વિનામૂલ્ય હોસ્પિટલ સંભાળ મળવા પાત્ર છે. એફપીએના 126 ટકા અને 200 ટકાની વચ્ચેના વ્યક્તિઓ અને કુટુંબો માટે, વેલસ્ટાર સમવાયી સ્તરે વ્યાખ્યાયિત એજીબીના 97 ટકા સુધીની વધારાની નાણાકીય સહાય પૂરી પાડે છે. 201 ટકાથી મહત્તમ 300 ટકા એફપીએલ સુધીના વ્યક્તિઓ માટે, વધારાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી શકે છે, તે તેમના કુટુંબદીઠ આવકના સ્તર પર આશ્રિત અને "મિલ્કતો માટેની લાયકાત" પરિક્ષણ તેઓ પૂરી કરે છે કે નહીં તેના પર આધારિત હોય છે.

નીચે, પ્રથમ હરોળમાં એફએપી કોષ્ટકમાં કુટુંબનું કદ છે, લાગુ પડતી સંખ્યા શોધો - વ્યક્તિ એકલો રહે છે થી માંડી એક જ કુટુંબમાં રહેતાં જીવનસાથી, વાલીઓ અને 21 વર્ષથી ઓછી ઉંમરના તેમના બાળકોની સંખ્યા. સંખ્યામાં કાનૂની વાલી સાથે રહેતાં સગીર બાળકોનો સમાવેશ થાય છે. પછી, સ્થાપિત એફએપી શ્રેણીની રેખા જે કુલ કુટુંબદીઠ આવક શ્રેણીની યાદી પર સરખાવો. માત્ર આવકની માર્ગદર્શિકાના આધાર પર એફએપી લાયક નથી તે દર્દીઓ નાણાકીય સહાયતા મેળવવા સક્ષમ હોઈ શકે છે જો જરૂરી તબીબી ખર્ચ કુટુંબની આવક અને સ્રોતો (તબીબી આવશ્યકતા)ને ક્ષીણ કરતો હોય. ઉપરાંત, જો વીમાના સ્રોતો અથવા નાણાકીય સહાયતા સરકારી-સ્પોન્સર્ડ અથવા અન્ય સામુદાયિક લાભ કાર્યક્રિમો દ્વારા આરોગ્યસંભાળના ખર્ચને ઓછો કરવામાં મદદ કરવા વેલસ્ટાર અથવા ત્રીજો-પક્ષ નિર્ધારણ માટે દર્દીઓને મદદ કરવાનો પ્રયત્ન કરશે.

### વેલસ્ટાર એફએપી માટે દર્દી માર્ગદર્શિકા - કુટુંબદીઠ આવક 300% એફપીએલ સુધી

| કુટુંબનું કદ | 125% અથવા ઓછું<br>શ્રેણી 1 | 126% – 200%<br>શ્રેણી 2 | 201% – 250%<br>શ્રેણી 3 | 251% - 300%<br>શ્રેણી 4 |
|---|---|---|---|---|
| 1 | $0 - $16,988 | $16,989 -$27,180 | $27,181 - $33,975 | $33,976 - $40,770 |
| 2 | $0 - $22,888 | $22,889 - $36,620 | $36,621 -$45,775 | $45,776 - $54,930 |
| 3 | $0 - $28,788 | $28,789 - $46,060 | $46,061- $57,575 | $57,576 - $69,090 |
| 4 | $0 - $34,688 | $34,689 - $55,500 | $55,501 - $69,375 | $69,376 - $83,250 |
| 5 | $0 - $40,588 | $40,589 - $64,940 | $64,941 - $81,175 | $81,176 - $97,410 |
| 6 | $0 - $46,488 | $46,489 - $74,380 | $74,381 - $92,975 | $92,976 - $111,570 |
| 7 | $0 - $52,388 | $52,389 - $83,820 | $83,821 - $104,775 | $104,776 - $125,730 |
| 8 | $0 - $58,288 | $58,289 - $93,260 | $93,261 - $116,575 | $116,576 - $139,890 |
| * | $5,900 | $9,440 | $11,800 | $14,160 |

**આઠથી વધુ દરેક કુટુંબના સભ્ય માટે, ડિસ્કાઉન્ટ માટે પગાર શ્રેણી ક્વોલિફાયરમાં વધતાં વધે છે.*

**પગલું 2: વેલસ્ટાર એફએપી અરજી સહયોગી નાણાકીય દસ્તાવેજો સાથે પૂર્ણ કરો.**

એફએપી માટે ગણતરીમાં લેવા, બિનવીમાકૃત અને ઓછા વીમા હેઠળ આવતાં દર્દીઓએ અરજી પૂર્ણ કરવી જ જોઈએ અને જરૂરીયાતનું પ્રમાણ સ્થાપિત કરવા કોઈ વીમાનો સ્રોત અને/અથવા ચૂકવણીના સાધનનો જાહેર કરવા. સંપૂર્ણ એફએપી અરજીમાં તમામ જરૂરી સહયોગી દસ્તાવેજોનો સમાવેશ થાય છે જેમ કે બેન્ક પત્રકો, ટેક્સ રીટર્ન અને અન્ય આવક ચકાસણીની માહિતી જે વેલસ્ટારને સંપૂર્ણ નાણાકીય સહાયતા (જરૂરીયાતવાળી સંભાળ) અથવા આંશિક નાણાકીય સહાયતા (ચેરિટી સંભાળ) માટેની લાયકાત નિર્ધારિત કરવામાં મદદ કરે છે. અરજી ઓનલાઈન http://www.wellstar.org પર અને હોસ્પિટલ ખાતે અને હોસ્પિટલ બહારના દર્દીની સુવિધા નોંધણી અને/અથવા ડિસ્ચાર્જ વિસ્તારમાં વિનંતી પર ઉપલબ્ધ છે. સેવાની તારીખને અનુસરતાં 240 દિવસોની અંદર અથવા પ્રથમ ડિસ્ચાર્જ પત્રક પહેલાં અરજીઓ રજૂ કરી શકાય. જો અરજીમાં જરૂરી માહિતી ખૂટતી હોય તેવા કિસ્સામાં દર્દીને લેખિતમાં જાણ કરવામાં આવશે અને સૂચના આપ્યા તારીખના 30 દિવસોની અંદર ફરી સુપ્રત કરવાની રહેશે. સંપૂર્ણ અરજી મળ્યાના 30 દિવસોની અંદર એફએપી ની જાણ કરવામાં આવે છે. જો મંજૂર થઇ જાય, તો એફએપીનું સ્તર 6 મહિના માટે અસરમાં રહે છે. દર્દીઓ એફએપી નીતિના આધાર પર કોઈ પણ બાકી રહેતી ઓછી કરવામાં આવેલી રકમની ચૂકવણી માટે જવાબદાર રહેશે. **અરજીની સહાયતા માટે, વેલસ્ટાર નાણાકીય કાઉન્સેલર્સ સ્થળ પર ઉપલબ્ધ છે અથવા દર્દીઓ**

**470-245-9998 પર કોલ કરી શકે છે. કૃપા કરીને નીચેના સરનામે સંપૂર્ણ અરજીઓ અથવા કોઈ અન્ય એફએપી સંબંધિત પત્રવ્યવહાર કરવોઃ Wellstar Single Billing Office (SBO) FAP Department, 805 Sandy Plains Road, Marietta, GA 30066.**